# ઇન્ટરનેશનલ એગ્રીબિઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

## આઈ.એ.બી.એમ.આઇ. કોલેજ ખાતે શહીદ દિનની ઉજવણી

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેની આઈ.એ.બી.એમ.આઈ. કોલેજ ખાતે તા. ૩૦મી જાન્યુઆરી-૨૦૨૧ના રોજ શહીદ દિનની ઉજવણી કરવામાં આવેલ. આ ઉજવણીમાં કોલેજ તથા નાહેપ-કાસ્ટ ખાતેના સર્વે અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા ભારત દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદવીરોની સ્મૃતિમાં બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગ નિમિતે કોલેજના આચાર્ય અને ડીનશ્રીએ સ્વતંત્રતાનું મહત્વ સમજાવી અને રાષ્ટ્રીય એકતાની ભાવના ઉજાગર થાય તે હેતુથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં શહીદ થયેલ સર્વે વીરોને શાબ્દીક શ્રધ્ધાંજલી આપેલ. આ ઉજવણીમાં પ્રવૃતમાન નોવેલ કોરોના વાયરસ અંગે સરકારશ્રી દ્વારા જારી કરવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.



